## રૂ. 2500/- થી વધુ ખર્ચની ચુકવણી ચેકથી કરવા અંગે

ઉ.શિ.ક.ની કચેરી, નં.: અનદ-2/ ધ/ગ્રાન્ટ/નીતિ/8202/8227,
બ્લોક નં.12, ડૉ. જી.મ. ભવન, ગાંધીનગર, તા. 7-7-'97

પ્રતિ,
જિલ્લા-શિક્ષણાધિકારી (તમામ)

વિષય : ગ્રાન્ટ લેતી બિનસરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને રૂ. 2500/- થી વધુ ખર્ચની ચુકવણી ચેકથી કરવા બાબત.

*સંદર્ભ : શિક્ષણ વિભાગનો પત્રક્રમાંક : બમશ/1197/ /ગ/, તા.7-6-'97*

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભમાં દર્શાવેલ પત્રકમાં જણાવ્યા મુજબ રાજયની ગ્રાન્ટ લેતી શાળાઓ રૂ. 2500/-થી વધુ કરેલ ખર્ચ માત્ર ચેકથી જ કરવા બાબતે આ કચેરીએ જે તા.19-2-'97 થી પરિપત્ર કરેલ છે, તેનો અમલ પરિપત્રની તારીખથી કરવા અને પાશ્ચાત્યવર્તી અસરથી નહિ કરવા અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ છે.

આ અંગે જણાવવાનું કે, જિલ્લાશિક્ષણઅધિકારીશ્રીઓની તા. 30-11-'96 ની બેઠકની કાર્યવાહી નોંધના પત્ર નં. : અમદ/1/ધ/જિ.શિ.અ./બેઠક 30/11 કાર્યવાહી નોંધ 21907-31, તા. 3-12-'96 થી જણાવેલ છે કે 1995-'96ની ગ્રાન્ટગણતરી દરમિયાન નિયમાનુસાર ખાસ કરીને રૂ. 2500/-થી વધુ રકમના ચુકવણા ચેકથી નિયમાનુસાર થાય તે અંગે તમામ શાળાઓને જાણ પરિપત્ર દ્વારા તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓએ કરવી તેમ જણાવવામાં આવેલ હતું.

તા. 3-12-'96ના પરિપત્રની સામે ગુજરાત રાજ્ય સંચાલક મંડળે સ્પે. સી.એ. નં. 172/97, તા. 22-1-'97 થી દાદ માગેલ. જેમાં આ પરિપત્રની સૂચનાઓને માન્ય રાખેલ, પરંતુ પરિપત્રની તારીખ સુધીના રૂ. 2500/- કરતાં વધુ રકમના વાજબી ચુકવણા ચેકથી થયેલ ન હોય તો સક્ષમ અધિકારીએ માન્ય કરવા અંગે કાર્યવાહી કરવી. જેના સંદર્ભમાં તા.19-2-'97ના પરિપત્રથી તમામ જિલ્લાશિક્ષણઅધિકારીશ્રીઓને રૂ. 2500/- કરતાં વધુ રકમના ચુકવણા ચેકથી ન થયેલ હોય અને વાજબી જણાતા હોય તો તે માન્ય કરવા અંગેની કાર્યવાહી કરવા સૂચના આપેલ.

સ્પે. સી.એ. 172/97ના નામદાર હાઈકોર્ટના જજમેન્ટ મુજબ ગુજરાત રાજ્ય સંચાલકમંડળે તા. 3-12-'96 ના પરિપત્રની તારીખથી રૂ. 500/- કરતાં વધુ રકમના ચુકવણા ચેકથી કરવામાં આવશે તેમ સ્વીકારેલ છે.

શિક્ષણ વિભાગના પત્રાંક : બમશ/1197, તા.7-6-'97થી સરકારશ્રીએ નક્કી કરેલ છે તે મુજબ ગ્રાન્ટ લેતી બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ રૂ. 2500/- કરતાં વધુ રકમના ચુકવણા ચેકથી કરવાનો અમલ તા. 3-12-'96 થી કરવાનો રહેશે. તા. 3-12-'96 પહેલાં રૂ. 2500/- કરતાં વધુ રકમના ચુકવણા ચેકથી થયેલ ન હોય તે જે અમાન્ય કરવામાં આવેલ છે, તે ચુકવણા નિયમાનુસાર માન્ય કરવા અંગેની જરૂરી કાર્યવાહી સત્વરે કરવા જણાવવામાં આવે છે.

આ અંગેની જાણ તમામ ગ્રાન્ટ લેતી બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સત્વરે કરવા અને અત્રે કરવા જણાવવામાં આવે છે.

સહી, બી. કે. સિંહા
ઉ.શિ.ક. ગાંધીનગર